# ડીપીએસ 'રોબોકેલિપ્સ'માં વિજેતા



મિકેનીકલ એન્જિનીયરિંગ સ્ટુડન્ટ એસોસિએશન દ્વારા નિરમા યુનિવર્સિટી ખાતે બે દિવસની કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગાંધીનગર અને અમદાવાદની કુલ ૧૮ શાળાઓએ ભાગ લીધો હતો. આ કાર્યશાળા અંતર્ગત યોજાયેલી રોબોકેલિપ્સ સ્પર્ધામાં દિલ્હી પબ્લિક સ્કૂલની ટીમે પ્રથમ ક્રમનું વિજેતાપદ મેળવ્યું હતું. આ વિજેતા ટીમમાં કૃપલ પટેલ, પ્રેમ પટેલ, દિવ્યાંશી શર્મા અને શૌનક પટેલ સામેલ હતા. શાળા પરિવાર વતી આચાર્ય અતનુ રથે ચારેય વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# સરકારી વિજ્ઞાન કૉલેજમાં સર્જનાત્મક સ્પર્ધાઓ



## રંગ કલા કૌશલ્ય ધારા હેઠળ મહેંદી, રંગોળી અને પોસ્ટર મેકિંગ સ્પર્ધા યોજાઈ

સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરમાં રંગ કલા કૌશલ્યધારા અંતર્ગત મહેંદી, રંગોળી અને પોસ્ટર મેકીંગ સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્વાતંત્ર્ય દિન અને મહીલા સશક્તીકરણ થીમ પર વિદ્યાર્થીઓએ સુંદર રંગોળી અને પોસ્ટર બનાવ્યાં હતા. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ ડો. કે. બી. પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. મહેંદી સ્પર્ધામાં અનુક્રમે અંકિતા રાઠોડ, કૃતિ પટેલ, હીરલ પ્રજાપતિ-માનશ્રી ભલોડી, રંગોળી સ્પર્ધામાં અનુક્રમે ધારા ગુર્જર, પરી પટેલ, પ્રતિક્ષા કલાલ અને પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં અનુક્રમે પ્રાચી મોદી, પ્રિયાંશી ત્રિવેદી અને ધૃવી ચાંગેલા-નીતિ ચૌધરી વિજેતા બન્યાં હતાં.

## જન્મદિને વધામણી



બાબુલાલ જે સુથાર
ફોન : ૨૩૨૬૦૩૦૨
મો. ૯૮૨૫૩ ૬૦૮૨૩



મનિષ આર પટેલ
મો. ૯૯૨૫૨ ૭૯૫૫૫



એંજલ રણજીતભાઈ ઘાંઘ્રેશા
મો. ૯૯૨૫૮ ૩૩૦૦૯



યુગ અશ્વિન પટેલ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# અરિહંત ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગના વિદ્યાર્થીઓ દ્વારા 'ન્યુટ્રિશન એક્સ્પો' યોજાયો





ગાંધીનગર, તા. ૬

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગરની અરિહંત ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગના વિદ્યાર્થીઓ દ્વારા ન્યુટ્રિશન એક્સ્પો ૨૦૧૯ નું પ્રદર્શન યોજાયું.

ન્યુટ્રિશન પ્રદર્શન માટેના મુખ્ય અતિથિ તરીકે યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડો. બાલા ભાસ્કરન, એકેડેમિક ડિરેક્ટર ડો. ડી. જે. શાહ અને હિરેન કડીકર અને રજિસ્ટ્રાર ડો.સુશીલ કુમાર ઠાકુર હાજર રહ્યા હતા. જજીસની સામે વિદ્યાર્થીઓએ વિવિધ ડાએટ, ખોરાક રજૂ કર્યો અને તે કેવી રીતે વિવિધ રોગોના પ્રતિકારક માટે મહત્વપૂર્ણ છે તે અંગે ખોરાક બનાવી ને સમજુતી આપતું પ્રદર્શન કર્યું હતું. તેઓનું નિરીક્ષણ મૂલ્યાંકનના માપદંડના આધારે કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ યોજવા પાછળના મુખ્ય હેતુઓ, માનવ જીવન માટે સ્વસ્થ આહારને પ્રોત્સાહન પૂરું પાડવા અંગે, દર્દીઓની પોષક જરૂરિયાતોને પહોંચી વળવા વિદ્યાર્થીઓને સશક્ત બનાવવા, રોગની સ્થિતિને અને તેના ઉપહારયુક્ત વિવિધ આહાર સંબંધિત જરૂરી જ્ઞાન વિદ્યાર્થીઓને આપવા માટે તેમ જ ભલામણ કરેલ સંબંધિત આહારથી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ કેળવવા માટેનો હતો. ન્યુટ્રિશન એક્સ્પોમાં ૫૦થી વધારે નર્સિંગના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. તેમાં વિવિધ રોગો સામે કેવો આહાર આપણે અનુસરવો જોઈએ તે દર્શાવાયું હતું. જેમ કે હાઈપર ટેન્શન, પાચનમાં થયેલું ગુમડું, ડાયાબિટીસ, ગર્ભવતી સ્ત્રીઓ માટે પ્રોટીન ઉર્જા આપતો આહાર, ફાઈબર આહાર, કુપોષણથી પીડાતા વ્યક્તિઓ માટે જરૂરી આહાર કેવો હોવો જોઈએ તે અંગેની વાનગીઓ બનાવીને વિદ્યાર્થીઓએ પ્રદર્શન રજુ કર્યું હતું.



ગાંધીનગર શહેરના ૫૫મા સ્થાપના દિનને અનુલક્ષીને હેપ્પી યુથ ક્લબની ટીમ દ્વારા નેહરૂ યુવા કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે શનિવારે સવારે ૯ કલાકે સેક્ટર-૧ ૩ડી ખાતે ''હેપ્પી વન મહોત્સવ''નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નેહરૂ યુવા કેન્દ્રના યુથ કો-ઓર્ડિનેટર રજનીકાંત સુથાર તથા વન વિભાગના ફોરેસ્ટર પી. ડી. ગોસ્વામી ઉપરાંત આયોજક સંસ્થાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# 'પ્રયાસ' દ્વારા મિત્રતા દિવસની ઉજવણી અનોખા અંદાજમાં



ગાંધીનગરની પ્રયાસ સંસ્થાના યુવાઓ દ્વારા મિત્રતાના દિવસની ઉજવણી અનોખી રીતે કરવામાં આવી હતી. યુવાઓએ આ ઉજવણી સૅક્ટર-૧૬ની અંધશાળાના વિદ્યાર્થીઓ સાથે મળીને કરી હતી. યુવાઓ વિદ્યાર્થીઓ માટે પૌષ્ટિક નાસ્તો અને ચૉકલેટ્સ લઈ ગયા હતા અને તેમને ફ્રેન્ડશીપ બેલ્ટ પણ બાંધ્યા હતા. કેતન પટેલ, સંકેત ગોર, સાત્વિક ત્રિવેદી, સંતોષ, હેમંત પ્રજાપતિ, કૃતાર્થ પટેલ, મુંજાલ, નિકુંજ શુક્લ, કીર્તિ ઠાકોર, ડૉ. પરાગી ગાંધી, પ્રતીક, સંજય નાયી, કંદર્પ વગેરે યુવાઓ આ ઉપક્રમમાં ઉત્સાહથી જોડાયા હતા.

# હૃદયમંથન

ગાંધીયાત્રા

'ઝૂલુબંડ'માં મને ઘણા અનુભવો થયા ને બહુ વિચારો કરવાનું મળ્યું. બોઅર યુદ્ધમાં લડાઈની ભયંકરતા મને એટલી નહોતી લાગી જેટલી અહીં લાગી. અહીં લડાઈ નહીં પણ મનુષ્યનો શિકાર હતો એમ, મને જ નહીં પણ , કેટલાક અંગ્રેજો જેમની સાથે વાતો થતી હતી તેમને પણ લાગેલું. સવરના પહોરમાંલશક્ર જઈને ગામડામાં ફટાકાઅ ફોડતું હોય તેમ તેમની બંદૂકોના અવાજો અમને દૂર રહેલાને આવતા. આ અવાજો સાંભળવા ને આમાં રહેવું મને બહુ વસમું લાગ્યું. પણ હું કડવો ઘૂંટ કરી પી ગયો અને મારેહથે જે કામ આવ્યું એ તો કેવળ ઝૂલુ લોકોની સેવાની નું જ આવ્યું. અમે જો ન જોડાય હોત તો બીજા કોઈ આ સેવા ન અકત એ તો હું જોઈ શક્યો. આથી મેં મારા અંતરાત્માને શાંત કર્યો.

અહીં વસ્તી બહુ ઓછી હતી. પહાડો અને ખીણમાં ભલા, સાદા અને જંગલી ગણાતા ઝૂલુ લોકોના કૂબાઓ સિવાય બીજું કમી નહોતું. તેથી દ્રશ્ય ભવ્ય લાગતું હતું. માઈલો ના માઈલો લગી વસ્તી વિનાના પ્રદેશમાં અમે કોઈ ઘાયલને લઈને કે એમ જ ચાલ્યા જતા હોઈએ ત્યારે હું વિચારમાં પડી જતો.

અહીં મારા બ્રહ્મચર્ય વિષેના વિચારો પરિપક્વ થયા. મારા સાથીઓના જોડે પણ મેં તેની કેટલીક ચર્ચા અક્રી. ઈશ્વરદર્શન સારુ બ્રહ્મચર્ય અનિવાર્ય વસ્તુ છે એ તો મને હજુ પ્રત્યક્ષ નહોતુ થયું, પણ સેવાને અર્થે આવશ્યક છે એમ હું સ્પષ્ટ જોઈ શક્યો. મને લાગ્યું કે, આવા પ્રકારની સેવા તો મરે ભાગે વધારે ને વધારે આવશે, અને જો હું ભોગ-વિલાસમાં, પ્રજોત્પતિમાં, સંતતિઉછેરમં રોકાઉં તો મારાથી સંપૂર્ણ સેવા નહીં થઈ શકે; મારાથી બે ઘોડે નહીં ચડાય. જો પત્ની સગર્ભા હોતતો હું નિશ્ચિંત મને આ સેવામાં ન જ ઝંપલાવી શકત. બ્રહ્મચર્યના પાલન વિના કુટુંબવૃદ્ધિ એ સમાજના અભ્યુદય માટેના મનુષ્યના પ્રયત્નની વિરોધી વસ્તુ થઈ પડે. વિવાહિત હોવા છતાં બ્રહ્મચર્યનું પાલન કરાય તો કુટુંબસેવા સમાજસેવાની વિરોધી ન થાય. આવા વિચારોના વમળમાં પડી ગયો ને વ્રત લઈ લેવા કંઈક અધીરો પણ બન્યો. આ વિચારોથી મને એક પ્રકારનો આનંદ આવ્યો ને મારો ઉત્સાહ વધ્યો. કલ્પનાએ સેવાનું ક્ષેત્ર બહુ વિશાળ કરી મૂક્યું.


આ વિચારો મનમાં ઘડી રહ્યો હતો ને શરીરને કસી રહ્યો હતો તેવામાં, બંડ શમી જવા આવ્યું છે ને અમને રજા મળશે એવી અફવા કોઈ લાવ્યું. બીજે દિવસે તો અમને ઘેર જવાની રજ મળી ને ત્યાર બાદ થોડા જ દિવસમાં બધા પોતપોતાને ઘેર પહોંચ્યા. આ પછી થોડા સ્મયમાં ગવર્નરે ઉપલી સેવાને સારુ મારા ઉપર આભર પ્રદર્શનનો કાગળ મોકલ્યો.

ફિનિક્સમાં પહોંચી મેં તો બ્રહ્મચર્યની વત બહુ રસપૂર્વક છગનલાલ, મગનલાલ, વેસ્ટ ઈત્યાદિ આગળ કરી. બધાને તે વાત ગમી. બધાએ તેની આવશ્યકતાનો સ્વીકાર કર્યો. બધાને પાલન મહમુશ્કેલ પણ લાગી. કેટલાકે પ્રયત્ન કરવાની હિંમત પણ કરી, ને કેટલાક તેમાં સફળ થયા એવી મારી માન્યતા છે.

મેં વ્રત લઈ લીધું કે હવે પછે જિંદગી પર્યંત બ્રહ્મચર્યનું પાલન કરવું. આ વ્રતનું મહત્ત્વ અને તેની મુશ્કેલી હું તે વેળા સંપૂર્ણતાએ નહોતો સમજી શક્યો. તેની મુશ્કેલીનો અનુભવ આજ લગી કર્યા કરું છું. તેનું મહત્ત્વ દિવસે દિવસે વધારે ને વધારે જોઉં છું. તેના વિનાનું જીવન મને શુષ્ક અને જાનવર ના જેવું લાગે છે. જાનવર સ્વભાવે નિરંકુશ છે. મનુષ્યનું મનુષ્યત્વ સ્વેચ્છાએ અંકુશીત બનાવવામાં આવે છે તેમામ્ પૂર્વે અતિશયોક્તિ લાગતી તેને બદલે હવે તે યોગ્ય લાગે છે ને અનુભવપૂર્વક થયેલી છે. એમ દિવસે દિવસે વધારે સ્પષ્ટ થતું જાય છે. (ક્રમશઃ)

'સત્યના પ્રયોગો'માંથી સાભાર

# રેડ ક્રૉસ દ્વારા થેલેસેમિયા ટેસ્ટ-અવેરનેસ કેમ્પ







ગાંધીનગર, તા. ૬

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી રાજ્ય શાખા દ્વારા ગાંધીનગર જિલ્લા રેડક્રોસના સહયોગથી ગ્રામ ભારતી મહિલાકૉલેજ, નારદીપુર, એમ એમ પટેલ ફાર્મસી કોલેજ, ગાંધીનગર અને પંડિત દિનદયાળ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટી ખાતે થેલેસેમિયા ટેસ્ટ અને અવેરનેસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. નારદીપુર ખાતે ૭૮, ફાર્મસી કૉલેજ ખાતે ૭૬ અને પીડીપીયુ ખાતે ૩૭૩ વિદ્યાર્થીઓને આ ઉપક્રમ હેઠળ આવરી લેવામાં આવ્યા હતા. મુખ્ય લેબોરેટરી ટેકનીશિયન નીલેશ ભારતીય, વિજય પારેખ અને ટીમ દ્વારા આ કેમ્પ માટે પોતાની સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. ફાર્મસી કૉલેજ ખાતે ડૉ. રણછોડ રથવી, નારદીપુર ખાતે અશ્વિન દવે અને પીડીપીયુ ખાતે જીલુભા ધાંધલે વિદ્યાર્થીઓને થેલેસેમિયા બાબતે વિગતે વાત કરી હતી. ગુજરાત સરકારના થેલેસેમિયા મુક્ત રાજ્યના અભિયાનને આગળ ધપાવવામાં ત્રણેય સંસ્થાઓના સંચાલકો, સ્ટાફ દ્વારા સક્રિય સહયોગ પૂરો પાડવામાં આવ્યો હતો.